ડિજિટલ લાઇફ સર્ટીફીકેટ માટે રાજ્ય સરકારના પેન્શનરો/કુટુંબ પેન્શનરોએ રજૂ કરવાના થતા પ્રમાણપત્રોને સ્થાને self-declarationને માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૧૪/૧૬૭૧/ઝ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૨/૪/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ નં. ૨૫૬(૧)તથા(૨) અને ૨૫૦(૩)
(૨) નાણા વિભાગનો તા.૨૯/૦૫/૨૦૧૭ નો ઠરાવ ક્ર: તજર /૧૦૨૦૧૪/૧૬૭૧/ ઝ
(૩) નાણા વિભાગનો તા.૧૨/૪/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક: તજર/૧૦૨૦૧૪/૧૬૭૧/ઝ

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ (૨) સામે દર્શાવેલ તા. ૨૯/૫/૨૦૧૭ના ઠરાવથી રાજ્ય સરાકારના પેન્શનરો/કુટુંબ પેન્શનરોને હયાતીની ખરાઇ માટે વધુ સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર "જીવન પ્રમાણ પોર્ટલ" પર "Aadhar Based Authentication" હેઠળ હયાતીની ખરાઇ કરાવવાની પદ્ધતિને માન્ય ગણવા ઠરાવવામાં આવેલ છે. બેંક/પોસ્ટ ઓફીસ દ્વારા પણ હયાતીની ખરાઇ ઘરઆંગણે કરાવવા માટે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, જે અંગે વંચાણે લીધેલ ક્રમ (૩) સામેના પરિપત્રથી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પેન્શનરો/કુટુંબ પેન્શનરોને હયાતીની ખરાઇ કરાવતી વખતે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ નં. નિયમ ૨૫૬(૧)તથા(૨) અને ૨૫૦(૩) અન્વયે સરકારી સેવામાં પુન: નિમણૂક થયેલ ન હોવા અંગે/ પુન: લગ્ન ન કર્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે. ઉક્ત તમામ પદ્ધતિઓ કે જેમાં કોઇ પણ રીતે જીવનપ્રમાણ પોર્ટલ ઉપર ડિજિટલ લાઇફ સર્ટીફીકેટ જનરેટ થાય છે, તેમાં નિયમોનુસાર પેન્શનરો/કુટુંબ પેન્શનરોએ રજૂ કરવાના થતા પ્રમાણપત્રો માટે પેન્શનરો/કુટુંબ પેન્શનરોનું self-declaration માન્ય ગણવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે જીવનપ્રમાણ પોર્ટલ ઉપર ડિજિટલ લાઇફ સર્ટીફીકેટ જનરેટ કરતી વખતે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ અન્વયે પેન્શનરો/કુટુંબ પેન્શનરોએ સરકારી સેવામાં પુન: નિમણૂક થયેલ ન હોવા અંગે/ પુન: લગ્ન ન કર્યા અંગે રજૂ

કરવાના થતા પ્રમાણપત્ર માટે પેન્શનરો/કુટુંબ પેન્શનરોનું self-declaration માન્ય ગણવા આથી ઠરાવવામાં આવે છે. પરંતુ, ખોટા self-declaration માટે પેન્શનર/કુટુંબ પેન્શનર પોતે જવાબદાર ગણાશે.

ઉક્ત બાબતે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના સંબંધિત નિયમમાં સુધારો હવે પછી દાખલ કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડીયલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ - નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ - વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેક્ટ ફાઇલ - ઝ શાખા

------------------------------------

*પત્ર દ્વારા